Teachingninja.in

Latest Govt Job updates

Private Job updates

Free Mock tests available

Visit - teachingninja.in

# Gujarat
# HC Peon

## Previous Year Paper

### Paper-I

### 09 July, 2023

Teachingninja.in

# High Court of Gujarat

[No.RC/1434/2022(Peon)]

## Sola, Ahmedabad

**Provisional Answer Key for Written Test (Objective Type - MCQs) conducted on 09-07-2023 for Direct Recruitment to the Post of Peon etc. on the establishment of the Subordinate Courts in the State of Gujarat. [PAPER-I]**

| Sr. No. | Answer | Sr. No. | Answer | Sr. No. | Answer | Sr. No. | Answer |
|---|---|---|---|---|---|---|---|
| 1 | C | 26 | B | 51 | D | 76 | A |
| 2 | B | 27 | B | 52 | A | 77 | A |
| 3 | D | 28 | B | 53 | A | 78 | B |
| 4 | B | 29 | C | 54 | C | 79 | A |
| 5 | C | 30 | B | 55 | C | 80 | B |
| 6 | D | 31 | B | 56 | A | 81 | D |
| 7 | A | 32 | B | 57 | B | 82 | A |
| 8 | A | 33 | C | 58 | C | 83 | D |
| 9 | B | 34 | B | 59 | B | 84 | A |
| 10 | B | 35 | C | 60 | A | 85 | A |
| 11 | A | 36 | A | 61 | D | 86 | A |
| 12 | C | 37 | B | 62 | B | 87 | D |
| 13 | C | 38 | A | 63 | B | 88 | C |
| 14 | B | 39 | A | 64 | A | 89 | D |
| 15 | B | 40 | A | 65 | C | 90 | B |
| 16 | C | 41 | A | 66 | C | 91 | C |
| 17 | A | 42 | D | 67 | A | 92 | B |
| 18 | B | 43 | A | 68 | B | 93 | C |
| 19 | A | 44 | A | 69 | A | 94 | B |
| 20 | A | 45 | C | 70 | C | 95 | D |
| 21 | D | 46 | D | 71 | D | 96 | A |
| 22 | A | 47 | A | 72 | A | 97 | A |
| 23 | A | 48 | B | 73 | B | 98 | C |
| 24 | C | 49 | A | 74 | A | 99 | D |
| 25 | D | 50 | B | 75 | B | 100 | B |

**Note:**

| | |
|---|---|
| 1 | Candidate may raise Objection(s) Online w.e.f. 10/07/2023 12:00 noon onwards by visiting the "Answer Key" option under "Downloads" menu on HC-OJAS website only. |
| 2 | Last date for submitting Online Objection(s) is 11/07/2023 upto 05:00 p.m. |
| 3 | If the High Court Does not receive any Online Objection(s), it would be open for the High Court to treat the Provisional Answer Key as the Final Answer Key. |

**High Court of Gujarat,**
**Sola, Ahmedabad.**
**Date:09/07/2023**

Sd/-
**Registrar (Recruitment)**

Teachingninja.in

QUESTION BOOKLET
પ્રશ્નપુસ્તિકા

Question Booklet No.
પ્રશ્નપુસ્તિકા નંબર

# PAPER-I

**Time : 1½ Hours / સમય : 1½ કલાક** | **Maximum Marks / અધિકતમ ગુણ : 100**

## INSTRUCTIONS / સૂચનાઓ

**Please fill all your entries like Roll No., Question Booklet No., Confirmation No. and Exam Centre Code etc. very carefully on the OMR Answer Sheet, using Black/Blue ball point pen. Filling wrong entry of Question Booklet No. in OMR Answer Sheet will cause wrong examination result and candidate himself/herself will be responsible for the same.**

**કૃપા કરીને તમારી બધી એન્ટ્રીઓ જેમ કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા નંબર, પુષ્ટિકરણ નંબર અને પરીક્ષા કેન્દ્રનો કોડ વગેરે ખૂબ જ કાળજીપૂર્વક OMR ઉત્તર પત્રક પર, કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેનનો ઉપયોગ કરીને ભરો. OMR ઉત્તર પત્રકમાં પ્રશ્નપુસ્તિકા નંબરની ખોટી એન્ટ્રી ભરવાથી પરીક્ષાનું પરિણામ ખોટું આવશે અને તેના માટે ઉમેદવાર પોતે જ જવાબદાર રહેશે.**

1. At the start of the examination check your Question Booklet and OMR Answer Sheet and ensure that all the questions from S.No. **1** to last S.No. **100** are printed and all the pages are present in the Question Booklet. In case of any discrepancy, the candidate should replace the Question Booklet and OMR Answer Sheet from the invigilator. No objection in this regard will be entertained after five minutes of start of examination.
   પરીક્ષાની શરૂઆતમાં તમારી પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તર પત્રક તપાસો અને ખાતરી કરો કે તમામ પ્રશ્નો ક્રમ નં. **1**થી છેલ્લા ક્રમ નં. **100** સુધી છાપેલા છે અને તમામ પાનાઓ પ્રશ્નપુસ્તિકામાં હાજર છે. કોઈપણ વિસંગતતાના કિસ્સામાં, ઉમેદવારે નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તર પત્રક બદલી લેવું. પરીક્ષા શરૂ થયાની પાંચ મિનિટ પછી આ અંગે કોઈ પણ વાંધો સ્વીકારવામાં આવશે નહીં.

2. Answer **all** questions. **All** questions carry equal marks.
   **બધા** પ્રશ્નોના જવાબ આપવા. **બધા** પ્રશ્નો સમાન ગુણ ધરાવે છે.

3. Only one answer is to be given for each question. Overwriting and marking multiple answers will be considered as wrong answers and **0.33 mark will be deducted for each such answer**. Leaving a question unanswered will get zero mark.
   દરેક પ્રશ્ન માટે માત્ર એક જ જવાબ આપવાનો છે. ઓવરરાઈટીંગ અને બહુવિધ જવાબોનું નામાંકન ખોટા જવાબો તરીકે ગણવામાં આવશે અને **આવા દરેક જવાબ માટે 0.33 ગુણ કાપવામાં આવશે**. પ્રશ્ન અનુત્તર છોડવાથી શૂન્ય ગુણ મળશે.

4. Each question has four alternative responses marked serially as (A), (B), (C), (D). You have to darken only one circle or bubble indicating the correct answer on the OMR Answer Sheet using **BLACK/BLUE BALL POINT PEN**.
   દરેક પ્રશ્નના ચાર વૈકલ્પિક જવાબો છે જે ક્રમશઃ (A), (B), (C), (D) તરીકે ચિહ્નિત થયેલ છે. તમારે **કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન**નો ઉપયોગ કરીને OMR ઉત્તર પત્રક પર સાચો જવાબ દર્શાવતું માત્ર એક વર્તુળ ડાર્ક કરવાનું છે.

5. Use of Calculator, Mobile Phone/Bluetooth devices or any other electronic gadget in the examination hall is strictly prohibited. If any such prohibited material found with any candidate, strict action will be taken against him/her as per rules.
   પરીક્ષાખંડમાં કેલ્ક્યુલેટર, મોબાઈલ ફોન/બ્લુટુથ ઉપકરણો અથવા અન્ય કોઈપણ ઈલેક્ટ્રોનિક સાધનનો ઉપયોગ સખત રીતે પ્રતિબંધિત છે. જો કોઈપણ ઉમેદવાર પાસે આવી પ્રતિબંધિત સામગ્રી મળી આવશે તો તેની/તેણીની સામે નિયમોનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

6. Before leaving the Examination Hall candidate must hand over both the copies of OMR Answer Sheet to the invigilator without separating them, otherwise candidate will be liable for appropriate penal/legal action. Invigilator will hand over the candidate's copy of OMR Answer Sheet to the candidate after separating it.
   પરીક્ષાખંડ છોડતા પહેલા ઉમેદવારે OMR ઉત્તર પત્રકની બંને નકલો અલગ કર્યા વિના નિરીક્ષકને સોંપવી, અન્યથા ઉમેદવાર યોગ્ય દંડ/કાનૂની કાર્યવાહી માટે જવાબદાર રહેશે. નિરીક્ષક ઉમેદવારની OMR ઉત્તર પત્રકની નકલ અલગ કર્યા પછી ઉમેદવારને આપશે.

7. After the exam is over, the candidates can take their candidate copy of OMR Answer Sheet and their used Question Booklet along with them.
   પરીક્ષા પૂરી થયા પછી, ઉમેદવારો તેમની OMR ઉત્તર પત્રકની ઉમેદવારની નકલ અને તેમની વપરાયેલી પ્રશ્નપુસ્તિકા તેમની સાથે લઈ જઈ શકે છે.

**Do not open this Question Booklet until you are asked to do so.**
**જ્યાં સુધી તમને કહેવામાં ન આવે ત્યાં સુધી આ પ્રશ્નપુસ્તિકા ખોલશો નહીં.**



Teachingninja.in

1. "ઓછું આવવું" રૂઢિપ્રયોગનો સાચો અર્થ શોધો.
(A) વધારે ન હોવું
(B) ખુશ થવું
(C) દુઃખ થવું
(D) કરકસર કરવી

2. "શ્રુતિ" શબ્દ માટે વિકલ્પોમાંથી સમાનાર્થી શબ્દ જણાવો.
(A) શ્વેત
(B) વેદ
(C) શ્રમ
(D) વિલાસી

3. "ઈન્દ્ર"નો સમાનાર્થી શબ્દ આપો.
(A) માહીર
(B) મયંક
(C) સુવાસવ
(D) વાસવ

4. "સસ્તું ભાડું અને સિધ્ધપુરની જાત્રા" એટલે શું ?
(A) જીવ્યા કરતાં જોયું ભલું
(B) મર્યાદિત સાધનોથી સુંદર કામ કરવું
(C) કામ ખૂબ જ સહેલું હોવું
(D) ઓછા ખર્ચે પ્રસંગ પૂરો કરવો

5. "મંદ"નો નજીકનો સમાનાર્થી કયો ?
(A) પોચું
(B) સ્થિર
(C) ધીમું
(D) ઢીલું

6. "લિયે લાલો અને ભરે હરદા" કહેવતનો સાચો અર્થ લખો.
(A) ખાડો ખોદે તે પડે
(B) એક ભૂખ્યો બીજા ભૂખ્યાને શું ખવડાવે ?
(C) સરકાર પૈસા વાપરે અને પ્રજા વેરો ભરે
(D) એક વ્યક્તિ ન કરવાનાં કામ કરે અને અન્ય નિર્દોષને એની સજા ભોગવવી પડે

7. "એક કાંકરે બે પક્ષી મારવા" કહેવતનો અર્થ જણાવો.
(A) એક પ્રયાસે બે કાર્યો સિદ્ધ થવા
(B) કાંકરાથી બે પક્ષીનો પ્રાણ લેવો
(C) કાર્ય સિદ્ધ ન થાય તે માટે પથ્થર મારવો
(D) સફળતા ન મળે એટલે પક્ષીને મારવા

8. આમાં "અનુગામી"નો વિરોધાર્થી કોણ છે ?
(A) પુરોગામી
(B) હંગામી
(C) અધોગામી
(D) ઉર્ધ્વગામી

9. ________ એ અપેક્ષિત ઈચ્છનીય લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યારે ઉદ્‌ભવતો આવેગ છે.
(A) સંઘર્ષ
(B) હતાશા
(C) વ્યગ્રતા
(D) આનંદ

10. રૂઢિપ્રયોગ "માથે ઝાડ ઉગવાં"નો અર્થ શું છે ?
(A) ખૂબ સમૃદ્ધ હોવું
(B) બહુ દુઃખ પડવા
(C) લાંબો વખત ન ટકે એવી વસ્તુ
(D) ફળદ્રુપ જમીન


Teachingninja.in

**11.** "નાકની દાંડી સામે આંખો રાખવી" તેનો અર્થ નીચેના પૈકી કયો થાય છે ?

(A) પ્રમાણિક રહેવું  (B) સીધે રસ્તે જવું

(C) સામે મોં એ જવું  (D) સીધો કે ધોરી માર્ગ

**12.** ગુજરાતમાં સૌપ્રથમ મફત અને ફરજિયાત શિક્ષણ દાખલ કરનાર રાજવી કોણ હતા ?

(A) પ્રતાપસિંહ  (B) જામરણજીતસિંહ

(C) સયાજીરાવ ગાયકવાડ  (D) દિગ્વિજયસિંહજી

**13.** કયા સત્યાગ્રહને ગુજરાતનો પ્રથમ સત્યાગ્રહ માનવામાં આવે છે ?

(A) બારડોલી સત્યાગ્રહ  (B) ધરાસણા સત્યાગ્રહ

(C) ખેડા સત્યાગ્રહ  (D) સાબરમતી સત્યાગ્રહ

**14.** નર્મદા નદીનું ઉદ્‌ગમ સ્થાન ક્યાં છે ?

(A) સાતપુડા  (B) અમરકંટક

(C) બ્રહ્મગિરી  (D) પશ્ચિમ ઘાટ

**15.** ઉકાઈ ડેમ કઈ નદી પર છે ?

(A) કરજણ  (B) તાપી

(C) નર્મદા  (D) મહી

**16.** CNGમાં મોટાભાગે નીચેનામાંથી કયો વાયુ હોય છે ?

(A) નાઈટ્રોજન  (B) ઓક્સિજન

(C) મિથેન  (D) હિલિયમ

**17.** ચિકનગુનિયા શાનાથી થાય છે ?

(A) ચેપી મચ્છર  (B) પ્રદૂષિત જળ

(C) પ્રદૂષિત હવા  (D) બેક્ટેરિયા

**18.** અનુસૂચિત જનજાતિ(ST)નો દરજ્જો

(A) હિન્દુઓ પૂરતો સીમિત છે.

(B) ધર્મ સાથે કોઈ સંબંધ ધરાવતો નથી.

(C) હિન્દુઓ અને ખ્રિસ્તીઓ પૂરતો સીમિત છે.

(D) હિન્દુઓ અને મુસ્લિમો પૂરતો સીમિત છે.

**19.** ભારતમાં નીચે દર્શાવેલ પર્વતમાળા પૈકી સૌથી જૂની પર્વતમાળા કઈ છે ?

(A) અરવલ્લી  (B) હિમાલય

(C) શિવાલિક  (D) દર્શાવેલ ત્રણેય પર્વતમાળાઓ



Teachingninja.in

**20.** યોગ્ય જોડકું જોડો :

| | | | |
|---|---|---|---|
| (1) | તાનારીરી | (i) | વડનગર |
| (2) | રણોત્સવ | (ii) | કચ્છ |
| (3) | વસંતોત્સવ | (iii) | ગાંધીનગર |
| (4) | પતંગોત્સવ | (iv) | અમદાવાદ |

(A) 1-i, 2-ii, 3-iii, 4-iv (B) 1-ii, 2-iii, 3-iv, 4-i
(C) 1-iii, 2-iv, 3-i, 4-ii (D) 1-iv, 2-iii, 3-ii, 4-i

**21.** વિશ્વની સૌથી લાંબી નદી નાઈલ હોય તો જળ-જથ્થાની દૃષ્ટિએ વિશ્વની સૌથી મોટી નદી એમેઝોન કયા ખંડ સાથે સંબંધિત છે ?

(A) યુરોપ (B) ઓસ્ટ્રેલિયા
(C) ઉત્તર અમેરિકા (D) દક્ષિણ અમેરિકા

**22.** ગુજરાતમાં સામાજિક સુધારાનાં પિતા તરીકે કોને ઓળખવામાં આવે છે ?

(A) દુર્ગારામ મહેતા (B) કરસનદાસ મૂળજી
(C) કનૈયાલાલ મુનશી (D) મહર્ષિ કર્વે

**23.** ગુજરાત રાજ્યનાં કયા પ્રદેશને 'સોનેરી પાનનો મુલક' પણ કહે છે ?

(A) ચરોતર (B) કચ્છ
(C) દક્ષિણ ગુજરાત (D) સૌરાષ્ટ્ર

**24.** ગુજરાતનો ક્યો પ્રદેશ કપાસ ઉત્પાદન માટે જાણીતો છે ?

(A) ભાલ (B) ચરોતર
(C) કાનમ (D) હાલાર

**25.** 'વેદો તરફ પાછા વળો' એવું સૂત્ર નીચેનામાંથી કોણે આપ્યું ?

(A) સ્વામી વિવેકાનંદ (B) શંકરાચાર્ય
(C) રામાનંદ (D) દયાનંદ સરસ્વતી

**26.** ગાંધીજીને 'મહાત્મા'નું બિરૂદ કોણે આપ્યું છે ?

(A) નેતાજી સુભાષચંદ્ર બોઝ (B) રવીન્દ્રનાથ ટાગોર
(C) દલાઈ લામા (D) નેલ્સન મંડેલા

**27.** ગુજરાત આંતરરાષ્ટ્રીય સમુદ્રી મધ્યસ્થતા કેન્દ્ર (GIMAC)ની સ્થાપના ક્યાં કરવામાં આવશે ?

(A) ધોલેરા SIR (B) GIFT સિટી
(C) લોથલ (D) રાજકોટ

**28.** ગુજરાતી ભાષાનો વૈશ્વિક સ્તરનો શબ્દકોશ : ભગવદ્ગોમંડલ, …….. રાજ્યનાં રાજાનાં માર્ગદર્શન નીચે તૈયાર થયો હતો.

(A) ભાવનગર (B) ગોંડલ
(C) લાઠી (D) પોરબંદર



Teachingninja.in

**29.** નીચેનાં પૈકી ક્યું જોડકું યોગ્ય છે ?

1. હઠીસીંગ જૈન મંદિર – અમદાવાદ
2. નાગેશ્વર જ્યોતિર્લીંગ – દ્વારકા
3. સૂર્ય મંદિર – મોઢેરા
4. અંબાજી મંદિર – હિંમતનગર(સાબરકાંઠા)

(A) 1, 2 અને 4 (B) 1, 3 અને 4
(C) 1, 2, 3 (D) 2, 3 અને 4

**30.** બનાસ નદીનું ઉદ્‌ભવસ્થાન ક્યાં છે ?

(A) મધ્યપ્રદેશ (B) રાજસ્થાન
(C) ગુજરાત (D) હરિયાણા

**31.** વડનગરમાં ખોદકામ દરમિયાન મળી આવેલું કેપ્સ્યૂલ આકારનું પ્રાચીન સ્ટ્રક્ચર કયા ધર્મ સાથે સંબંધિત છે, તેમ મનાય છે ?

(A) જૈન (B) બૌદ્ધ
(C) હિન્દુ (D) આપેલ તમામ

**32.** ભારતમાં પત્રકારત્વનાં અગ્રદૂત તરીકે કોની ગણના થાય છે ?

(A) રવીન્દ્રનાથ ટાગોર (B) રાજા રામમોહનરાય
(C) બારીન્દ્રનાથ ઘોષ (D) લોકમાન્ય તિલક

**33.** મરીન નેશનલ પાર્ક કયા ટાપુ પર આવેલો છે ?

(A) પિરમ (B) બેટ દ્વારકા
(C) પિરોટન (D) છાડ બેટ

**34.** તાજેતરમાં ગુજરાતનાં ક્યા શહેરમાં નિર્મિત મશીન પર ચંદ્રયાન-3નાં સ્પેરપાર્ટસ્ બનશે ?

(A) રાજકોટ (B) જામનગર
(C) જૂનાગઢ (D) ભાવનગર

**35.** બાયોગેસમાં મુખ્યત્વે _________ સમાવિષ્ટ હોય છે.

(A) કાર્બન ડાયોક્સાઈડ અને હાઈડ્રોજન (B) હાઈડ્રોજન અને મિથેન
(C) કાર્બન ડાયોક્સાઈડ અને મિથેન (D) હાઈડ્રોજન અને ઓક્સિજન

**36.** ‘કિમોથેરાપી’ કયા રોગની સારવારમાં કરાય છે ?

(A) કેન્સર (B) એઈડ્ઝ
(C) હાર્ટ સર્જરી (D) ન્યૂમોનિયા

**37.** દેશમાં કેસરનાં ઉત્પાદનમાં અગ્રેસર રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશ ક્યો છે ?

(A) આસામ (B) જમ્મુ અને કાશ્મીર
(C) હિમાચલ પ્રદેશ (D) મેઘાલય



Teachingninja.in

**38.** Junk e-mailને બીજા કયા નામથી ઓળખવામાં આવેલ છે ?

(A) Spam
(B) Spoof
(C) Spool
(D) Sniffer Script

**39.** સૂર્યનાં કિરણો વડે થતી સારવારને શું કહેવાય ?

(A) હિલિયોપથી
(B) હાઈડ્રોપથી
(C) હોમિયોપથી
(D) નેચરોપથી

**40.** નીચેનામાંથી ક્યા મહાનુભાવ દક્ષિણ આફ્રિકાનાં વતની અને બ્લેક ગાંધી તરીકે જાણીતા છે ?

(A) નેલ્સન મંડેલા
(B) ગેરી બાલ્કી
(C) ખલિલ જિબ્રાન
(D) પ્રિન્સ બિસ્માર્ક

**41.** ગુજરાતમાં આવેલ નેશનલ પાર્ક/અભ્યારણ્ય અને તેનાં સંબંધિત જીલ્લાઓ પૈકી ક્યા જોડકા યોગ્ય છે ?

1. જાંબુઘોડા સેંચુરી – પંચમહાલ
2. હીંગોળગઢ (Hingolgadh) નેચર એજ્યુકેશન સેંચુરી – રાજકોટ
3. ખીજડીયા બર્ડ સેંચુરી – જામનગર
4. શુલ પાનેશ્વર સેંચુરી – વલસાડ

(A) 1, 2 અને 3
(B) 1, 3 અને 4
(C) 1, 2 અને 4
(D) 2, 3 અને 4

**42.** કચ્છનાં નાના રણમાં આવેલા ઝીંઝુવાડાના કિલ્લાનું નિર્માણ કોણે કરાવ્યું હતું ?

(A) ભીમદેવ-1
(B) વિસલદેવ
(C) કુમારપાળ
(D) સિદ્ધરાજ જયસિંહ

**43.** ગુજરાતી લોકસાહિત્યનાં હાસ્ય કલાકાર

(A) શાહબુદ્દીન રાઠોડ
(B) દલેર મહેંદી
(C) રાજ્યવર્ધનસિંહ રાઠોડ
(D) રવિન્દ્ર જાડેજા

**44.** ગુજરાતમાં જીલ્લાનાં પોલીસ વડાને કયા નામે સંબોધવામાં આવે છે ?

(A) ડી.એસ.પી.
(B) એ.સી.પી.
(C) કર્નલ
(D) કેપ્ટન

**45.** $9 + 19 + 29 + ....... + 99 =$

(A) 500
(B) 200
(C) 540
(D) 199

**46.** જો તારીખ 20 ફેબ્રુઆરી 2016ના રોજ શનિવાર હોય તો તારીખ 23 માર્ચ 2016ના રોજ ક્યો વાર હશે ?

(A) મંગળવાર
(B) ગુરૂવાર
(C) રવિવાર
(D) બુધવાર

**47.** 16 : 56 :: 32 : (?)

(A) 112
(B) 144
(C) 128
(D) 96



Teachingninja.in

**48.** દિનેશ 5 કિ.મી. દક્ષિણ દિશા તરફ ચાલે છે, તે પછી તે પોતાની જમણી બાજુ વળી 10 કિ.મી. ચાલે છે. પછી તે પોતાની ડાબી તરફ વળી 5 કિ.મી. ચાલે છે. પછી તે પૂર્વ તરફ 10 કિ.મી. ચાલે છે. તો તે પોતાનાં પ્રારંભિક બિંદુથી કઈ દિશામાં હશે ?

(A) પૂર્વ (B) પશ્ચિમ

(C) દક્ષિણ (D) ઉત્તર

**49.** P, Qનો ભાઈ છે. R, Qની માતા છે. S, Rના પતિ છે. T, Sની માતા છે, તો Pનો T સાથેનો સંબંધ શું થાય ?

(A) પૌત્ર (B) પ્રપૌત્ર

(C) પૌત્રી (D) દાદી

**50.** જો એક હરોળમાં શૈલેષનો ક્રમ આગળથી 15મો અને પાછળથી 41મો છે, તો આ હરોળમાં મધ્યમાં રહેલા મૌલિકનો ક્રમ કયો હશે ?

(A) 27મો (B) 28મો

(C) 29મો (D) 30મો

**51.** એક પરિવારમાં એક પુરૂષ અને તેની પત્ની, તેમનાં ચાર દીકરા અને તેમની પત્નીઓ રહે છે. દરેક દીકરાને ત્રણ દીકરા અને એક દીકરી હોય તો, સમગ્ર કુટુંબમાં પુરૂષ સભ્યોની સંખ્યા જણાવો.

(A) 4 (B) 8

(C) 12 (D) 17

**52.** ધારો કે આજે શુક્રવાર છે તો પછીનાં રવિવાર પછી 25મા દિવસે કયો વાર હશે ?

(A) ગુરૂવાર (B) બુધવાર

(C) મંગળવાર (D) શુક્રવાર

**53.** 3, 5, 7, 11, 13, 17, ?

(A) 19 (B) 21

(C) 23 (D) 22

**54.** જો DELHI = 73541 અને CALCUTTA = 82589662 હોય તો CALICUT બરાબર કેટલા થાય ?

(A) 5278013 (B) 5279431

(C) 8251896 (D) 8543691

**55.** જો LINKનો KILN અર્થ હોય તો PINKનો અર્થ શું થાય ?

(A) IPNK (B) KINP

(C) KIPN (D) NIKP

**56.** જો AHMEDABAD = BINFEBCBE તો BARODA = ?

(A) CBSPEB (B) DBRTFB

(C) CBQNEB (D) CDTPFD

**57.** 40 બાળકોની લાઈનમાં મોહન જમણી બાજુથી 14મા ક્રમે છે તો તે ડાબી બાજુથી કયા ક્રમે હશે ?

(A) 25મા (B) 27મા

(C) 24મા (D) 26મા



Teachingninja.in

**58.** $9 + 8 + 7 - 10 =$

(A) 8 (B) 9
(C) 14 (D) 10

**59.** $29 \times 16 =$

(A) 220 (B) 464
(C) 340 (D) 400

**60.** પ્રખ્યાત રમતવીર ધ્યાનચંદજીની શ્રેષ્ઠતા કઈ રમતમાં સિદ્ધ થયેલી હતી ?

(A) હોકી (B) શતરંજ
(C) તિરંદાજી (D) ક્રિકેટ

**61.** સુનિલ ગાવસ્કર તેની પ્રથમ ટેસ્ટ મેચ કયા રાષ્ટ્રની સામે રમ્યા હતા ?

(A) ઇંગ્લેન્ડ (B) ઓસ્ટ્રેલિયા
(C) પાકિસ્તાન (D) વેસ્ટ ઇન્ડિઝ

**62.** આમાં કોણ જુદું પડે છે ?

(A) સેન્ટર ફોરવર્ડ (B) વિકેટ કીપર
(C) પેનલ્ટી (D) ગોલકીપર

**63.** ઇરાની કપ કઈ રમત સાથે સંબંધિત છે ?

(A) ફૂટબોલ (B) ક્રિકેટ
(C) બેડમિંટન (D) હોકી

**64.** રાજ્યવર્ધનસિંહ રાઠોડ કઈ રમત સાથે સંબંધિત છે ?

(A) રાઈફલ શુટિંગ (B) ફૂટબોલ
(C) કબડ્ડી (D) ક્રિકેટ

**65.** કઈ રમત ઘોડા પર બેસીને રમાય ?

(A) રગ્બી (B) બેઝબોલ
(C) પોલો (D) બિલિયર્ડ

**66.** "ગ્રાન્ડ માસ્ટર" ઉપાધિ કઈ રમતમાં આપવામાં આવે છે ?

(A) ગોલ્ફ (B) ટેબલટેનિસ
(C) શતરંજ (D) બેઝબોલ

**67.** વિશ્વ પર્યાવરણ દિવસ ક્યારે ઉજવાય છે ?

(A) 5મી જૂન (B) 21મી જૂન
(C) 1લી મે (D) 2જી ઓક્ટોબર

**68.** 2024માં સમર ઓલિમ્પિક કયા દેશમાં યોજાશે ?

(A) જર્મની (B) ફ્રાંસ
(C) ઓસ્ટ્રેલિયા (D) ભારત



Teachingninja.in

**69.** કયા પ્રથમ ભારતીય ખેલાડીએ ઓલિમ્પિકમાં બેડમિંટનની રમતમાં મેડલ જીતેલ છે ?

(A) સાઈના નેહવાલ (B) પી.ટી. ઉષા
(C) સાઈની અબ્રાહમ (D) સ્મૃતિ મંધાના

**70.** "ડુરાન્ડ કપ" કઇ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ક્રિકેટ (B) સ્વીમીંગ
(C) ફૂટબોલ (D) કબડ્ડી

**71.** નરેન્દ્ર મોદી સ્ટેડિયમ કયા શહેરમાં આવેલ છે ?

(A) દિલ્હી (B) મુંબઇ
(C) ચેન્નઈ (D) અમદાવાદ

**72.** ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ દેશ

(A) ભારત (B) અફઘાનિસ્તાન
(C) બાંગ્લાદેશ (D) શ્રીલંકા

**73.** ટાઇગર વુડ કઇ રમત સાથે સંકળાયેલ છે ?

(A) ટેનિસ (B) ગોલ્ફ
(C) કબડ્ડી (D) વોલીબોલ

**74.** સૌથી નાની વયે "ભારત રત્ન" એવોર્ડ મેળવનાર ક્યો ક્રિકેટર છે ?

(A) સચીન તેંડુલકર (B) સંજય માંજરેકર
(C) વિરેન્દ્ર સેહવાગ (D) કપિલ દેવ

**75.** ભારતની રાષ્ટ્રીય રમત કઇ છે ?

(A) ક્રિકેટ (B) હોકી
(C) ફૂટબોલ (D) કબડ્ડી

**76.** ભારતમાં રમતવીરને રમત માટે અપાતો સર્વોચ્ચ એવોર્ડ કયો છે ?

(A) ખેલ રત્ન એવોર્ડ (B) ફિલ્મફેર એવોર્ડ
(C) દાદાસાહેબ ફાળકે એવોર્ડ (D) આઇ.પી.એલ. એવોર્ડ

**77.** પ્રસિદ્ધ ક્રિકેટર જેની સાથે અભિનેત્રી અનુષ્કા શર્માએ લગ્ન કરેલ છે

(A) વિરાટ કોહલી (B) એમ.એસ. ધોની
(C) ઇરફાન પઠાણ (D) હાર્દિક પંડ્યા

**78.** "ગ્રાન્ડસ્લેમ" શબ્દ કઇ રમત સાથે સંકળાયેલો છે ?

(A) બેડમિંટન (B) ટેનિસ
(C) વોલીબોલ (D) બાસ્કેટ બોલ



Teachingninja.in

79. IRDA કયા ક્ષેત્રનાં નિયંત્રક તરીકે કામ કરે છે ?
(A) વીમા ક્ષેત્ર (B) મ્યુચ્યુઅલ ફંડ
(C) રૂરલ ડેવલપમેન્ટ (D) બેંકિંગ સેક્ટર

80. રાંધણ ગેસ શેનું મિશ્રણ છે ?
(A) કાર્બન મોનોક્સાઇડ અને કાર્બન ડાયોક્સાઇડ (B) બ્યુટેન અને પ્રોપેન
(C) મિથેન અને ઈથિલિન (D) કાર્બન ડાયોક્સાઇડ અને ઓક્સિજન

81. કયા કાર્યક્રમો દ્વારા કન્યા કેળવણીનાં જાગૃતિનાં કાર્યક્રમો હાથ ધરાયા છે ?
(A) Right to Education (B) સપ્તધારા
(C) ગુણોત્સવ (D) આપેલ તમામ

82. તાજેતરમાં ભારતની સૌપ્રથમ અર્થક્વેક અર્લી વોર્નિંગ મોબાઇલ એપ કયા રાજ્યમાં લોન્ચ કરવામાં આવી ?
(A) ઉત્તરાખંડ (B) હિમાચલ પ્રદેશ
(C) સિક્કિમ (D) મેઘાલય

83. H1N1 વાયરસને નીચેનાં પૈકીનાં કયા રોગ (Disease) સાથે સંબંધ છે ?
(A) એઈડ્સ (AIDS) (B) બર્ડ ફ્લુ (Bird Flu)
(C) ડેંગ્યુ (Dengue) (D) સ્વાઈન ફ્લુ (Swine Flu)

84. ગુજરાતમાં બટાકા સંશોધન કેન્દ્ર ક્યાં આવેલું છે ?
(A) ડીસા (B) નવસારી
(C) જૂનાગઢ (D) ભાવનગર

85. …… એ નેટવર્ક સુરક્ષા પ્રણાલી છે કે જે પૂર્વ નિર્ધારિત સલામતી નિયમોને આધારે incoming અને outgoing નેટવર્ક ટ્રાફિકનાં નિયંત્રણની દેખરેખ રાખે છે.
(A) FireWall (B) Anti-Virus
(C) VPN (D) HTTPS

86. 26 નવેમ્બરનો દિવસ કયા નામે મનાવાય છે ?
(A) બંધારણ દિવસ (B) યોગ દિવસ
(C) સાર્વભૌમત્વ દિવસ (D) ખેલકૂદ દિવસ

87. ભારત સરકારનાં કાનૂન અને ન્યાય મંત્રાલયે ઘર આંગણે ન્યાય આપવા ક્યું અભિયાન લોન્ચ કર્યુ છે ?
(A) એક વિવાદ ડ્રાઈવ (B) એક નિર્માણ ડ્રાઈવ
(C) એક સત્ય ડ્રાઈવ (D) એક પહલ ડ્રાઈવ

88. તાજેતરમાં ભારતનાં પ્રથમ ફેન્ટન કેટેલેટિક રિએક્ટર વેસ્ટવોટર ટ્રિટમેન્ટ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન ક્યાં કરવામાં આવ્યું ?
(A) વડોદરા (B) ભરૂચ
(C) અમદાવાદ (D) રાજકોટ

89. વિદ્યુત ઉપકરણો માટે આજકાલ જાણીતો બનેલ LED શબ્દનું પૂર્ણ સ્વરૂપ શું છે ?
(A) Low Energy Device (B) Light Effective Diode
(C) Low Emission Device (D) Light Emitting Diode


Teachingninja.in

**90.** હાલનાં નામદાર સુપ્રિમ કોર્ટનાં ચીફ જસ્ટીસ કોણ છે ?

(A) માન. ન્યાયાધીશ શ્રી એ.જે. દેસાઇ સાહેબ (B) માન. ન્યાયાધીશ શ્રી ડી.વાય. ચંદ્રચુડ સાહેબ

(C) માન. ન્યાયાધીશ શ્રી એન.વી. અંજારીયા સાહેબ (D) માન. ન્યાયાધીશ શ્રી વિક્રમનાથ સાહેબ

**91.** ગુજરાત વિધાનસભાનાં હાલનાં સ્પીકર

(A) શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (B) શ્રી બરજોર પારડીવાલા

(C) શ્રી શંકર ચૌધરી (D) શ્રી નિમાબહેન આચાર્ય

**92.** હાલનાં ચીફ ઓફ આર્મી સ્ટાફ

(A) જનરલ બીપીન રાવત (B) જનરલ મનોજ પાંડે

(C) જનરલ વી.પી. મલિક (D) જનરલ મનોજ નારવણે

**93.** ભારતીય સરહદની રક્ષા કરનાર પેરામીલીટરી ફોર્સ

(A) CRPF (B) CISF

(C) BSF (D) IPKF

**94.** હાલમાં ગુજરાતનાં કાયદા મંત્રીશ્રી

(A) હર્ષ સંઘવી (B) રિષિકેશ પટેલ

(C) નિતીન પટેલ (D) રાજેન્દ્ર ત્રિવેદી

**95.** ભારતની સૌપ્રથમ અંડરગ્રાઉન્ડ મેટ્રો રેલ પ્રાપ્ત કરનાર શહેર

(A) મુંબઇ (B) દિલ્હી

(C) ચેન્નઈ (D) કલકત્તા

**96.** મુંબઇ અને દિલ્હીને જોડનાર હાઇ-વે પ્રોજેક્ટનું નામ

(A) DMCI (B) MDCI

(C) GIDC (D) NHRC

**97.** ભારતની પહેલી બુલેટ ટ્રેઇન પ્રોજેક્ટ અમલમાં મૂકવા કઇ ભારતીય કંપનીની સ્થાપના કરવામાં આવેલી છે ?

(A) NHSRCL (B) HSRPL

(C) IPCL (D) UGVCL

**98.** સર્જીકલ સ્ટ્રાઇક આધારિત ફિલ્મનું નામ શું છે ?

(A) બોર્ડર (B) રેફ્યુજી

(C) ઉરી (D) એલ.ઓ.સી.

**99.** અમદાવાદનાં વતની એવા બોલીવુડનાં પ્રસિદ્ધ ગાયક કલાકાર

(A) કિશોર કુમાર (B) મહંમદ રફી

(C) શબ્બીર કુમાર (D) દર્શન રાવલ

**100.** તાજેતરમાં ગુજરાતમાં વિનાશ નોતરનાર વાવાઝોડાનું નામ શું છે ?

(A) તાઉતે (B) બિપરજોય

(C) વેરોનિકા (D) વેનેશા



Teachingninja.in

કાચા કામ માટે જગ્યા

Teachingninja.in



Teachingninja.in